**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૭.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૪ ટકા ● સાંજે ૯૭ ટકા

# શહેરમાં વિશ્વ આદિવાસી દિવસની રંગારંગ ઉજવણી

## શહેરના માર્ગો પર પરંપરાગત વસ્ત્રો અને આયુધો સાથેના આદિવાસી નાગરિકોએ કૌતુક જગાવ્યું : રેલીના સમાપને ડો. આંબેડકર હોલમાં અગ્રણીઓએ સંબોધન કર્યું





ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં આજે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાયેલી રેલીમાં રાજયભરમાંથી પરંપરાગત વેશભૂષા અને આયુધો સાથે ઉમટી પડેલા આદિવાસી નાગરિકોએ પાટનગરના માર્ગો પર ભારે આકર્ષણ જમાવ્યું હતું. બીરસા મુંડા ભવનથી શરૂ થયેલી આ આદિવાસી રેલીને નિવૃત્ત એડિશનલ ડીજી વી.એમ. પારધી, ડુંગરી ગરાસીયા આદિવાસી સમાજના પ્રમુખ ભરતભાઈ મોડિયા તથા સમગ્ર ઉજવણી કાર્યક્રમના કન્વીનર વી.આર. ચારેલે પ્રસ્થાન કરાવ્યું હતું. રેલીનું સેકટર-૧૨માં ડૉ. આંબેડકર હોલ ખાતે સમાપન થયું હતું. જયાં આદિવાસી સમાજના અગ્રણીઓએ સભાને સંબોધન કર્યું હતું. કાર્યક્રમમાં આદિવાસી સમાજ આધારિત પુસ્તકનું વિમોચન કરાયું હતું. જેના લેખક ડૉ. જયંતિલાલ બામણિયા છે. આ પ્રસંગે યુએસ ખાતેના વસાવા સમાજના પ્રમુખ ઉમેશભાઈ વસાવા પણ ઉપસ્થિત રહ્યા હતા.



શહેરના માર્ગો પર પરંપરાગત ઢોલ કુંડીના તાલ સાથે નૃત્યો કરતા અને તીર કામઠાં અને તલવાર જેવા શસ્ત્રોનું પ્રદર્શન કરતા આદિવાસી સમાજને નિહાળી શહેરના નાગરિકો રોમાંચિત થયા હતા. વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે યોજાયેલી રેલીમાં રાજયભરમાંથી આવેલા અંદાજે ૫ હજારથી વધુ આદિવાસી નાગરિકો જોડાયા હતા. રેલીનું સવારે ૯ કલાકે બીરસામુંડા ભવનથી પ્રસ્થાન થયું હતું. જે ચ-૩ સર્કલ, પથિકાશ્રમ સર્કલ, ઘ-૪ સર્કલ થઈને સેકટર-૧૨માં ડૉ. આંબેડકર ભવન પહોંચી હતી. રેલીમાં જે.ડી. ચારેલ, નામદેવ વર્સાત, વિનોદ મેણાત સહિતના સ્થાનિક આદિવાસી અગ્રણીઓ પણ જોડાયા હતા. ડૉ. આંબેડકર હોલ ખાતે સભામાં ફેરવાયેલી રેલીને વી.એમ. પારઘી, વી.આર. ચારેલ, ભરતભાઈ મોડિયા, નિવૃત્ત ડીપીઓ કે.એન. બામણીયા વગેરેએ સંબોધન કર્યું હતું. જેમાં આદિવાસી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે, સ્પર્ધાત્મક પરીક્ષાના યુગમાં યુવાનો મહેનત કરી આગળ આવે તથા પ્રકૃતિ-જળ-જંગલ વગેરે અંગેના પ્રશ્નો ઝડપથી હલ થાય તેવી કામના વ્યકત કરવામાં આવી હતી. કાર્યક્રમના પ્રારંભે સ્વ. સુષ્મા સ્વરાજને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલિ અપાઈ હતી.

# કુડાસણના આધેડે ઝેરી દવા ગટગટાવતા મૃત્યુ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર પાસે કુડાસણ ગામના આધેડે ઝેરી દવા પી લઈને આપઘાત કરી લેતા સમગ્ર વિસ્તારમાં હોહા મચી જવા પામી હતી. પ્રાથમિક તપાસમાં આધેડે ઘરના નાના-નાના આંતરીક ઝઘડાથી કંટાળીને આપઘાત કર્યો હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું હતું. જો કે ઈન્ફોસીટી પોલીસે હાલના સમયે મૃતદેહનું પીએમ કરાવીને આપઘાતનું સાચુ કારણ જાણવા માટે તપાસ શરુ કરી છે.

બનાવની મળતી વિગત મુજબ કુડાસણ ખાતે રોહિત વાસમાં રહેતા જયેશકુમાર ગોંવિદભાઈ ચાવડા (૪૩ વર્ષ) શુકર્વનારના રોજ સવારે અગીયાર વાગ્યાના અરસામાં બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા. જેનો પગલે તોઓને તાત્કાલીક ખાનગી હોસ્પિટલ માં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યું નિપજ્યું હતું.આધેડના મૃત્યુના પગલે ઈન્ફોસીટી પોલીસે મૃતદેહનું પીએમ કરાવીને અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.પોલીસને મૃતકના ઘરેથી દવાની નાની બોટલ પણ મળી આવી છે. જો કે કોઈ સ્યુસાઈડ નોટ મળી આવી નથી. એટલે આપઘાતનું સાચુ કારણ હાલ જાણી શકાયુ નથી. પરંતુ સ્થાનિકોમાં થતી ચર્ચા મુજબ જાણવા મળયું હતુ કે તેઓ ઘરના નાના ઝઘડાથી કંટાળી ગયા હતા. મૃતકના પરિવારમાં ૧૭ વર્ષનો પુત્ર અને પત્ની છે. ખાનગી નોકરી કરતા આધેડને અન્ય કોઈ ટેન્શન કે દેવું ન હતું. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકના પીએસઆઈ એ.એ.દેસાઈ ને સોંપાતા તેમણે મૃતકના મૃત્યુંનુ સાચુ કારણ જાણવા માટે તપસા શરુ કરી છે.

# દશામા મૂર્તિ વિસર્જન માટે તડામાર તૈયારીઓ

## ઈન્દ્રોડા, રાજભવન કવાટર્સ, ધોળાકુવા, રાયસણ ઉપરાંત અનેક જગ્યાએ મૂર્તિ વિસર્જન કરી શકાશે

ગાંધીનગર, તા.૯

દશામાના વ્રતને આજે દસમો દિવસ છે. આજે નગરજનો પૂરી રાત જાગરણ કરશે. સાથે સાથે માતાજીના મૂર્તિનું વિસર્જન કરવાની તૈયારી પણ શહેરમાં વિવિધ જગ્યાએ થઈ રહી છે. ખાસ ઈન્દ્રોડા ગામના રહીશો દ્વારા શહેરીજનો માટે વિસર્જન અંતર્ગત તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.

શહેરમાં વિવિધ જગ્યાએ દશામા મૂર્તિનું વિસર્જન કરવામાં આવે છે. ઈન્દ્રોડા ગામ, સે-૩૦ની સ્કૂલ પાસે, બોરીજ, ધોળાકુવા, રાયસણ, રાંદેસણ અને રાજભવન કવાટર્સની પાછળ દર વર્ષે દશામાની મૂર્તિનું વિસર્જન થાય છે.




શહેરમાં વિવિધ જગ્યાએ દશામા મૂર્તિ વિસર્જનની તૈયારીઓ થઈ રહી છે ત્યારે રાજભવન કવાટર્સની બાજુમાં નદી કિનારે પણ વિસર્જન અંગે તૈયારીઓ કરાઈ છે. ખાસ તરવૈયાની ટીમ પણ અહીં હાજર રહીને સેવા આપશે.

આ વર્ષે પણ ભાવિકો મૂર્તિ વિસર્જન માટે ઉમટશે ત્યારે ઈન્દ્રોડા ગામના રહીશો દ્વારા મૂર્તિ વિસર્જન અંતર્ગત નગરજનો માટે વિશિષ્ટ વ્યવસ્થા કરવામાં આવી છે. ઈન્દ્રોડા ગામમાં દર વર્ષે લગભગ ૧૫ થી ૨૦ હજાર ભાવિકો ગાંધીનગર શહેર તથા આજુબાજુના ગામમાંથી વિસર્જન અર્થે આવતા હોય છે તેમને વિસર્જન અંગે સરળતા રહે તે માટે ગામના ૨૦૦થી વધુ યુવાનો પાર્કિંગથી લઈ વિસર્જન સુધીના માર્ગ પર સેવામાં હાજર રહેશે. ગ્રામજનો દ્વારા ચા પાણીની પણ ભકતજનો માટે વિશિષ્ટ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત આખી રાત ભજન મહિલા મંડળ પણ માતાજીના ભજન ગાઈ સેવામાં જોડાવાના છે.

# ભાટ ગામમાંથી યુવાનના મોબાઈલની ચોરી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના ભાટ ગામે એક ઘરની બારીમાંથી મોબાઈલ ચોરીના ઘટના પ્રકાશમાં આવી છે. રાજસ્થાનનો વતની અને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં નોકરી કરતો યુવક પુષ્પરાજસિંહ ચૌહાણ (ઉં.વ.૩૧) ભાટ ગામે આવેલ પટેલવાસમાં રહે છે. ગત તા.૧૧ જુલાઈના રોજ પુષ્પરાજસિંહે રૂ.૨૨,૩૩૯ની કિંમતનો નવીન મોબાઈલની ખરીદી કરી હતી.

ગત તા.૨૨ જુલાઈના રોજ સવારે ૬ વાગે તેણે મોબાઈલ બારીમાં મુક્યો હતો અને ત્યારબાદ તે સુઈ ગયો હતો. સવારે ૮ કલાકે ઉઠીને જોયું તો મોબાઈલ ગુમ હતો. મોબાઈલની શોધખોળ આસપાસમાં કરતા મળી આવ્યો ન હતો અને નંબર પણ બંધ આવતો હતો. તે સમયે વતનમાં કામ હોવાથી રાજસ્થાન ગયો હતો. ત્યારે હવે વતનથી ઘરે પરત ફરીને તેણે મોબાઈલની ચોરી અંગે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

# માતૃછાયા નારી સંરક્ષણ ગૃહ ખાતે મહિલા કલ્યાણ દિવસની ઉજવણી કરાઈ




ગાંધીનગર, તા.૯

મહિલા સશકિતકરણના પખવાડિયા ઉજવણી અંતર્ગત મહિલા કલ્યાણ દિવસની ઉજવણી નિમિત્તો સ્વધારગૃહ 'માતૃછાયા' નારી સંરક્ષણ ગૃહ ખાતે કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં આયુર્વેદ ડૉ. મમતાબોન દેસાઈએ સંસ્થાની બહેનોનું ચેક અપ કરી જરુરી દવાઓ આપી હતી તથા સંસ્થા માટે આગળ પણ સેવા આપવાની ઈચ્છા દર્શાવી હતી. આ ઉપરાંત ડૉ. ધરાબેન જાદવે ઉપસ્થિત રહી ગર્ભ સંસ્કાર અને યોગ ધ્યાન વિષય ઉપર માહિતી આપી હતી તથા સરકારી આયુર્વેદ હોસ્પિટલના ડૉ. મીરાબેન દ્વારા પણ મહિલાઓને સશકત થવા જણાવાયું હતું. કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન શર્મિષ્ઠાબેન દવે, મંજુલાબેન ભલગામી, સરોજનબેન દેસાઈ, પલ્લવીબેન ગુપ્તે, દક્ષાબેન, સંગીતાબેન તથા નારીગૃહની બહેનો અને સ્ટાફ પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# આઈટીઆઈ દ્વારા વુમનીયા ફેશન શૉ યોજાયો




ઔદ્યોગિક તાલીમ કેન્દ્રમાં અભ્યાસ કરતી ફેશન ડિઝાઈનીંગ ક્ષેત્રે અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ દ્વારા પોતાની આગવી કળા પ્રસ્તુત કરવામાં આવી હતી. સે-૧૨ આંબેડકર ભવન ખાતે વુમનીયા ફેશન શૉ ૨૦૧૯ યોજાયો હતો. જેમાં કુલ ૭૫ તાલીમાર્થીએ ભાગ લીધો હતો. ફેશન શૉને લગતી ૧૦ થીમ રજૂ કરી વિદ્યાર્થીનીઓ દ્વારા રેમ્પવૉક કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સહજાનંદ લેઝર ટેક લી.ના સીનીયર મેનેજર મુકેશભાઈ પટેલ, કવેસ્ટ એલાયંસ વિક્રાંત સોલંકી, સંસ્કૃતિ ગૃપના અક્ષયભાઈ પટેલ, ગાર્મેટ ગ્રુપના ચેરમેન ત્રિલોકભાઈ અગ્રવાલ, મુરલીધર ગાર્મેન્ટના ભાવેશભાઈ મુરલીધર, મિષ્ટી ક્રિએશનના ફાલ્ગુનીબેન ઠકકર હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન આઈટીઆઈના પ્રિન્સીપાલ એચ.એલ. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# આજે પૂ. ચંદ્રશેખર વિજયજી મ.સા.ની આઠમી પુણ્યતિથી નિમિત્તો ઋણ સ્મરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૯

ક્રાંતિકારી જૈન સંત ચંદ્રશેખર વિજયજી મ.સા.ની આઠમી પુણ્યતિથી નિમિત્તે તપોવન સર્કલ પાસેની તપોધન સંસ્કારપીઠ અમીયાપુર ખાતે શ્રાવણ સુદ ૧૦ તા. ૧૦મી ઓગસ્ટ શનિવારે સવારે ૯ કલાકે ઋણ સ્મરણ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પ્રખર રાષ્ટ્રવાદી સંસ્કૃતિ પ્રેમી જૈન સંત દ્વારા દેશ વિદેશમાં વસતા ગુરૂભકતોને ધર્મ-સંસ્કૃતિ અને રાષ્ટ્ર રક્ષા માટે પ્રેરણાનો સંદેશ આપતી ગુરૂમા સચિત્ર પુસ્તિકાનું વિમોચન પણ કરાશે.

પૂ. ચંદ્રશેખર વિજયજી મ.સા.ની પુણ્યતિથી નિમિત્તે યોજાનારા ઋણ સ્મરણ મહોત્સવમાં તેમના શિષ્યો પૂ. હંસ કિર્તીસૂરીશ્વરજી મ.સા., પૂ. ભવ્યકિર્તી સૂરીશ્વરજી મ.સા., પૂ. ધર્મરક્ષિતસૂરીશ્વરજી મ.સા., પૂ. રાજહંસબોધી વિજયજી મ.સા. સહિત વિશાળ સંખ્યામા સાધુ-સાધ્વીજીઓ ઉપસ્થિત રહેશે. ઋણ સ્મરણ મહોત્સવમાં દેશભરમાંથી ગુરૂભકતો તપોવન ખાતે સમાધી મંદિરે દર્શનાર્થે પધારશે. ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્રરક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરી દેનાર પૂ. ગૂરૂદેવના સમાધી તીર્થના પાવનસ્થળે જાણીતા સંગીતકાર નીલેશભાઈ રાણાવત અને અલ્પેશભાઈ તપોવનીનો સંગીતમય કાર્યક્રમ યોજાશે.

## આજે ગાંધીનગરમાં

### ધાર્મિક

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ દરમિયાન લીલી ઘટાના હિંડોળાના દર્શન યોજાશે.

● સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે સાંજે ૫ થી ૮.૧૫ દરમિયાન લવીંગ એલાફલમના હિંડોળાના દર્શન યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સે-૧૩ દ્વારા મુકેશભાઈ દવેના નિવાસસ્થાન સે-૨૮, હરીનંદન ફલેટ ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કાર્યક્રમ યોજાશે.

● શ્રીમાળી બ્રહ્મસમાજ દ્વારા દિલીપભાઈ સી. ત્રિવેદીના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૭૯, ઉર્જાનગર વિભાગ-૨ રાંદેસણ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવ રૂદ્રાભિષેક અને શિવ મહિમ્ન પાઠ યોજાશે.

● રૂદ્રાભિષેક મંડળ દ્વારા કિરીટભાઈ શુકલના નિવાસસ્થાન ૧૦૦૪/૨, સે-૭-સી ખાતે સવારે ૯ કલાકે મહાપ્રસાદ સાથે લઘુરૂદ્રાભિષેક યોજાશે.

● રામધામ વાવોલ ખાતે સવારે ૬ થી સાંજના ૮ કલાક દરમિયાન સુકા મેવાનો મનોરથ તથા બપોરે ૩.૩૦ થી ૬.૩૦ દરમિયાન દેવી ભાગવત કથા યોજાશે.

● રંગ અવધૂત પરિવાર દ્વારા દત્ત મંદિર સે-૨૮ ખાતે સાંજે ૮.૧૫ કલાકથી ભરતભાઈ જોષી દ્વારા શિવ મહિમ્ન સ્રોતથી અભિષેકાત્મક લઘુરૂદ્ર યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા કમલેશભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૧૭૭/૧ કિસાનનગર ખાતે રાત્રે ૯ થી ૧૦ દરમિયાન શિવપૂજા અને મહિમ્ન પાઠ યોજાશે.

### સામાજીક અને સાંસ્કૃતિક

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પ્રસન્નતાના પચ્ચીસમાં વર્ષ અંતર્ગત સવારે ૯.૪૫ થી ૧૨ કલાક દરમિયાન ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પદ્મશ્રી ભીખુદાન ગઢવીનું વકતવ્ય તથા બપોરે ૨.૩૦ થી ૫ દરમિયાન તુષાર શુકલ, કાજલ ઓઝા વૈદ્ય અને ડૉ. માર્ગી હાથીનું વકતવ્ય સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા પ્રસન્નતાના પચ્ચીસમા વર્ષ અંતર્ગત રાત્રે ૯ થી ૧૧.૩૦ દરમિયાન સમય સાથે સેલ્ફી ગીત સંગીત કાર્યક્રમ સે-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે યોજાશે.

● વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે જયોતિષિ નિદાન કેમ્પ સવારે ૧૦.૩૦ થી ૧ તથા સાંજે ૪.૩૦ થી ૭.૩૦ કલાક દરમિયાન હરીગોલ્ડ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૧૨૧ ખાતે યોજાશે.

● માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા બપોરે ૩.૩૦ થી ૬ કલાક દરમિયાન કાર્યશાળા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે યોજાશે.

# આજે ઝેવિયર્સ અને કાર્મેલ ફેસ્ટ અંતર્ગત આંતરશાળા હરિફાઈ યોજાશે

ગાંધીનગર, તા.૯

આજે સેંટ ઝેવિયર્સ અને માઉન્ટ કાર્મેલ સ્કૂલ ગાંધીનગર દ્વારા ગોલ્ડન જયુબીલી ઉજવણી વર્ષ ૨૦૧૯-૨૦ના ભાગરૂપે ઝેવિયર્સ અને કાર્મેલ ફેસ્ટ યોજાશે. જે સવારે ૮ થી સાંજના ૪ વાગ્યા સુધી સે-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે યોજાશે. જેમાં સુધીર નાણાવટી ખાસ હાજર રહેશે. આંતરશાળા સાંસ્કૃતિક હરિફાઈમાં ગુજરાતના વિવિધ ભાગની ૧૩ શાળાઓ ભાગ લેશે જેમાં ડીબેટ, ડેકલમેશન, ઈન્ડિયન ફોક ડાન્સ તથા પોસ્ટર મેકિંગ હરિફાઈ યોજાશે તેમ બંને શાળાના પ્રિન્સીપાલ ફાધર દુરાઈ અને સી. જેનીફર દ્વારા જણાવાયું છે.

## મુવી હાઉસ

### આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧

- **જબરીયા જોડી** ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
- **ચિકન કરી લો!** ૧૦.૨૦ રાત્રે
- **પ્રણામ** ૧.૪૦ બપોરે
- **સુપર-૩૦** બપોરે ૩.૩૫, રાત્રે ૧૦.૦૦
- **ચાસણી (ગુજરાતી)** બપોરે ૧૨.૪૫
- **કબીરસિંગ** ૧૦.૧૦ સવારે
- **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ** ૩-ડી હિન્દી ૧૧.૧૫, ૧.૦૦, ૨.૦૦, ૪.૫૦, ૭.૪૦, ૧૦.૩૦; ૩-ડી અંગ્રેજી ૯.૧૫ રાત્રે; ૨-ડી હિન્દી ૧૦.૦૦ સવારે
- **ધ લાયન કિંગ** ૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫, ૧૦.૩૦, ૩.૫૦, ૬.૩૫

### સિટી પલ્સ કુડાસણ

- **જબરીયા જોડી** ૧૨.૩૦, ૩,૩૦, ૬.૩૦, ૧૦.૦૦
- **ચિકન કરી લો!** ૭.૦૦
- **પ્રણામ** ૨.૪૫, ૧૦.૧૫
- **ચાસની (ગુજરાતી)** ૯.૩૦ રાત્રે
- **સુપર-૩૦** ૬.૩૦ સાંજે
- **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ** ૨-ડી હિન્દી ૪.૦૦, ૯.૪૫; ૨-ડી અંગ્રેજી ૧.૦૦
- **ધ લાયન કિંગ** (૨-ડી હિન્દી) ૭.૦૦
- **કબિરસિંગ** ૩.૧૫ બપોરે
- **ખાનદાની શફાખાના** ૧૨.૩૦

### પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧

- **જબરીયા જોડી** ૯.૧૫, ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
- **ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ** ૨-ડી હિન્દી ૧.૧૫, ૭.૦૦; ૩-ડી હિન્દી ૧૧.૦૦, ૪.૪૫, ૧૦.૧૫
- **સુપર-૩૦** ૧૨.૧૫, ૬.૩૦
- **ચાસની (ગુજરાતી)** ૩.૩૦ બપોરે, ૯.૪૫ રાત્રે
- **ધ લાયન કિંગ** (૩-ડી હિન્દી) ૨.૦૦ બપોરે, સાંજે ૭.૪૫; (૨-ડી હિન્દી) ૧૦.૩૦, ૪.૧૫, ૧૦.૦૦

# નિ:શુલ્ક હોલીસ્ટીક યોગા શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૯

યોગ અને યોગ આસન વિષયની વિસ્તૃત માહિતી અને તે વિષય પર જાગૃતતા કેળવવાના ઉદ્દેશથી સ્વત્વ યોગા સ્ટુડિયો દ્વારા તા. ૧૧ ઓગસ્ટના રોજ સવારે ૮.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમિયાન ૪૦૩-૪૦૪ ચોથો માળ બી બ્લોક, રાધે સિગ્નેચર-કુડાસણ ખાતે હોલીસ્ટીક યોગા પર નિ:શુલ્ક શિબિર યોજાશે. શિબિરમાં ભાગ લેવા માટે મો. ૮૯૮૦૮૩૫૦૧૧ પર સમયસર રજીસ્ટ્રેશન કરાવવા સંસ્થાના કોચ કુ. આનલ રાવલ દ્વારા જણાવાયું છે.

**રક્તદાન મહાદાન**

## ચિરવિદાય

- સ્વ. બજાણીય પ્રહલાદભાઈ પુંજાભાઈ, ઉ.વ. ૬૦
- સ્વ. વખારીયા પુરુષોત્તમદાસ વલ્લભદાસ, ઉ.વ.૯૦
- સ્વ. પટેલ ગોરધનભાઈ લખધીરભાઈ, ઉ.વ. ૮૪
- સ્વ. ઠાકોર શાંતાબેન લખાજી, ઉ.વ. ૬૩